ફો. કે. નં. 5698/2003

−:: **<u>આંક−૧ નીચે હુકમ</u>** ::−

નામદાર હાઇકોર્ટની સૂચના મુજબ અત્રેની કોર્ટમાં પેન્ડીન્ગ પેટી કેસીસ, ટ્રાફીક કેસો, તેમજ ડોરમેન્ટ ફાઈલ પર મુકેલ કેસો વિગેરેના યોગ્ય નિકાલ માટે તથા સી.આર.પી.સી. ની કલમ ૨૫૮ હેઠળ ડેડવુડ કેસીસના સ્ટોપ પ્રોસીડીન્સ માટે તેમજ સી.આર.પી.સી. ની કલમ ૩૨૧ અન્વયે ફરીયાદપક્ષે કેસો પરત ખેંચવા તથા પ્લી બારગેઈનીન્ગથી કેસો નિકાલ કરવા માટે અત્રેની અદાલતની સ્પેશીયલ સીટીંગ રાખવામાં આવેલ. ફરીયાદ પક્ષ દ્વારા આરોપી સામેનું હાલનું ચાર્જશીટ જુના પ્રોહીબીશન એકટની કલમ ૬૬(૧)(બી), ૬૫(એ)(ઇ), ૧૧૬(૧)(બી), ૮૧ ના ગુનાના સબંધે કરેલ છે અને આરોપી સામેનો કેસ સમરી/સમન્સ ટ્રાયેબલ પ્રકારનો છે. આ ચાર્જશીટ દાખલ થયા બાદ આરોપીને અદાલત સમક્ષ હાજર રાખવા સમન્સ/વોરંટ કાઢવા છતા આરોપીને હાજર રાખવામાં પોલીસ/પ્રોસેસ સર્વિંગ એજન્સી સદંતર નિષ્ફળ રહેલ છે.

આજ રોજ સ્પેશીયલ સીટીંગ ઓફ મેજીસ્ટ્રેટ સમક્ષ પણ આરોપીને હાજર રાખવામાં આવેલ નથી. તદઉપરાંત આરોપીને હાજર ન રાખવા અંગે કોઈ યોગ્ય અને અને વ્યાજબી કારણ રજુ નથી. જેથી આરોપી સામેનો કેસ ઘણા સમયથી ચાલતો હોવા છતા આરોપીને હજાર રખાવી શકેલ ન હોય તથા નજીકના ભવિષ્યમાં આરોપી મળી આવે તેવી કોઈ શકયતા જણાતી ન હોય જેથી આવા અસામાન્ય તથા વિશિષ્ટ સંજોગોમાં આરોપી વિરૂદઘ ન્યાયીક કાર્યવાહી વિના વિલંબે આગળ ચલાવી અત્યંત મુશ્કેલ અને અશકય જણાતું હોય, સી.આર.પી.સી. ની કલમ ૨૫૮ અન્વયે નયાયના વિશાળ હીતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

−:: **<u>હુ ક મ</u>** ::−

ક્રિ.પ્રો.કોડની કલમ−૨૫૮ અન્વયે આ કામના આરોપી સામેની કાર્યવાહી પડતી મુકી, કાર્યવાહી બંધ કરવા હુકમ કરવામાં આવે છે.

વધુમાં આરોપી જયારે મળી આવે ત્યારે તેઓ સામે ન્યાયીક કાર્યવાહી હાથ ધરવા ફરીયાદપક્ષને સી.આર.પી.સી.ની કલમ ૩૦૦(૫) હેઠળ પરવાનગી આપવામાં આવે છે.

આજરોજ તા. ૨૨ મી જુન સને ૨૦૨૪ ના રોજ સ્પેશીયલ સીટીંગ દરમ્યાન ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૨૨/૬/૨૦૨૪

(વી.આર.ચૌધરી)
એડી. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં.૭, અમદાવાદ.